જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૪/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૫૨/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૭/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૧૭	૬	૧૧૪૨૩	૧૭૫૩૭	૬	૧૭૫૪૩
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૯૩૮૭	૩૭૦	૩૯૭૫૭	૪૦૫૦૬	૩૪૪	૪૦૮૫૦
કુલ		૫૫૫૮૯	૩૭૬	૫૫૯૬૫	૬૪૫૭૩	૩૫૦	૬૪૯૨૩

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	33	૪૪,૦૦૦/-

પત્રક-3			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૧૧	૨૨,૧૧,૦૦૦/-

ચોરી ના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ઇસનપુર પોલીસ સ્ટેશન :

એક આરોપીને ચોરીની ઓટો રીક્ષા સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશનનો રીક્ષા ચોરીનો ગુનો ડિટેક્ટ કરતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સા.શ્રી અમદાવાદ શહેર તથા મે.અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા મે.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ સાહેબ તથા મે.મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબ નાઓ તરફથી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા વણ શોધાયેલ મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય જે બાબતે સીનીયર પોલીસ ઇન્સપેક્ટર શ્રી જે.વી.રાણા સાહેબ તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.બી.સાંખલા સાહેબ ઇસનપુર પોલીસ સ્ટેશનનાઓના સિધા માર્ગદર્શન અને સુચના મુજબ સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ ડી.જે.લકુમ નાઓ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે ઇસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાનમા તા.૨૬/૦૪/૨૦૨૧ ના કલાક ૨૦/૧૫ વાગે મિલ્લતનગર ઢાળ પાસેથી લોકરક્ષક મનદિપસિહ નરવિનસિહ તથા લોકરક્ષક અનિરુધ્ધસિહ જાલુભા નાઓની સયુક્ત બાતમીથી આરોપી રાજુભાઇ લઇકએહમદ શેખ ઉ.વ ૨૮ રહે એસ-૧ નવાબનગર સમસુભાઇના મદ્રાસાની સામે ચડોળા પાળ ઇસનપુર અમદાવાદ શહેરનાઓને ચોરીમા ગયેલ ઓટો રીક્ષા નંબર. GJ-27-Y-2863 જેનો એન્જીન નં-58945 તથા ચેસીસ નં-91552 કિંમત રૂપિયા-૯૦,૦૦૦/-સાથે પકડી પાડી ઇસનપુર પોલીસ સ્ટેશન ગુના નં પાર્ટ-એ-૧૧૧૯૧૦૨૨૧૧૧૪૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો શોધી કાઢેલ છે

પાસા અટકાયતીની વિગત

ઓઢવ પોલીસ સ્ટેશન :

પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર સાહેબશ્રી નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ શ્રી તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૫ સાહેબ શ્રી તથા મદદનિશ પોલીસ કમિશ્નરશ્રી "આઈ" ડીવીજન સાહેબશ્રી નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "જાહેર વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતા હોય નીચે જણાવેલ ઇસમ વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે સદરી ઇસમ નાની વિરૂધ્ધ નીચે મુજબનો હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને નીચે જણાવેલ અધિકારી/કર્મચારીએ નીચે જણાવેલ રીતેના પોલીસ સ્ટાફના માણસો પકડી લઇ આવતા આજ રોજ ઉપરોક્ત પાસા હુકમની બજવણી કરી પાસા અટકાયતીને રાજકોટ જેલ ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.

પાસા અટકાયતી :-

બ્રિજેશ ઉર્ફે ભયલુ સ/ઓ શ્રીધરભાઈ ભરતભાઈ ભટ્ટ ઉ. વ. ૨૩, રહેવાસી : ૨૬૨/૨૨, શ્યામજીકૃષ્ણ વર્મા ચાર માળીયાના મકાન સીંગરવા અમદાવાદ શહેર

પાસામાં ધ્યાને લીધેલ ગુનાની વિગત :-

ઓઢવ પો સ્ટે સી/૧૧૧૯૧૦૩૭૨૧૦૪૧૦/૨૦૨૧ ધી પ્રોહી એકટ કલમ ૬૬ બી , ૬૫ એ, ઇ ૧૧૬ (બી) , ૯૮ (૨) ૮૧ મુજબ

પાસા હુકમ તથા બજવણી

પાસા હુકમ નં – પીસીબી/ડીટીએન/પાસા/૩૨૮/૨૦૨૧ તા. ૨૭/૦૪/૨૦૨૧ તથા બજવણી તા. ૨૭/૦૪/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે :- રાજકોટ જેલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી :-

પો. સ. ઈ શ્રી એસ વી પટેલ તથા એ એસ આઇ પરથીભાઇ પુરાભાઇ બ નં ૩૧૫ તથા એલ આર ધીરૂભાઇ જીવણભાઇ બ નં ૧૧૬૬૨ તથા એલ આર યુવરજસિંહ જુવાનસિંહ બ.નં. ૧૨૭૯૧



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૩/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪ કેસ કરી, ૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨ લીટર દેશી દારૂ અને ૩ બીયરટીન કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૫૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

સોનાની કંઠી ખેંચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૭૫૫/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સીટી : મુકેશભાઇ જોઇતારામ પટેલ (ઉ.વ.૬૯) (રહે.શક્તિ ઇલેક્ટ્રોનીક, નહેરૂનગર ચાર રસ્તા, આંબાવાડી) તા.૨૭/૦૪/૨૦૨૧ ના કલાક ૬/૫૦ વાગે ગોગા મહારાજના મંદીર થી આઇ.આઇ.એમ ગેટ સામે રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાના) એ ભેગામળી મુકેશભાઇના ગળામાં પહેરેલ રૂદ્રાક્ષના મણકાવાળી સોનાની કંઠી કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની ફરીયાદ મુકેશભાઇ પટેલ એ ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.સી.ધુમ્મડ ચલાવે છે.

પાલડી : પ્રિતીબહેન વા/ઓ રાજેશભાઇ આચાર્ય (રહે.દિવાકર સોસાયટી, દિવાન બલ્લુભાઇ સ્કુલની બાજુમા, પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૭/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજા પાસે કુરીયર આપવાના બહાને આવેલ એક અજાણ્યો પુરૂષ પ્રિતીબહેનની સાસુના ગળામાંથી સોનાની મગમાળા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૫૬/૨૦૨૧**

રીવરફ્રન્ટ વેસ્ટ (૧): અજયભાઇ નારણભાઇ ચૌહાણ (ઉ.વ.૨૩)(રહે.મોહન દરજીની ચાલી, AMTS વર્કશોપ ની બાજુમાં, જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૧ ના કલાક ૯/૨૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ પુર્વ તરફના કિનારે જમાલપુર કુલ બજાર સ્કાઇલાઇન પાસે વોક-વે નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઈ ભેમાભાઈ ચલાવે છે.

રીવરફ્રન્ટ વેસ્ટ (૨) : મોહંમદ શરીફ મોહંમદ સાબીર શેખ (ઉ.વ.૩૧)(રહે.કદમેરસુલ ની દરગાહની સામેના છાપરામાં, રામરહીમનગર, બહેરામપુરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૧ બપોરના ૧/૫૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે સાબરમતી રીવરફ્રન્ટ પુર્વ તરફના કિનારે એલીસબ્રીજ નીચે વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઇન્દ્રસિંહ માનસિંહ ચલાવે છે.

શાહપુર : સફવાનભાઇ અસલમભાઈ મનસુરી (ઉ.વ.૨૮)(રહે.મહેસાણીયાવાસ રંગીલા ચોકીની બાજુમાં શાહપુર) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૧ સવારના ૬/૪૦ વાગ્યાના સુમારે સરદારકુંજ સોસાયટીના નાકા આગળ આવેલ પોતાની "આશા પાર્લર" નામની દુકાનમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.પરમાર ચલાવે છે.

શહેરકોટડા : કમલેશ શીવાજી વણઝારા (ઉ.વ.૨૫) (રહે.અસારવા નિલકંઠ મહાદેવની પાટીયાપુરા ની ચાલી, અસારવા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૧ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સોનીયા સિરામીક પાસે, કરૂણા સાગર એસ્ટેટ સામે એસ.એસ.એન્જીનીયરીંગ કારખાનામાં ખીલ્લા સાથે રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી રામસિંહ જુજારસિંહ ચલાવે છે.

સરખેજ : રાહુલભાઇ રમેશભાઇ ચાવડા (ઉ.વ.૨૪)(રહે.ચામુંડાનગરની બાજુમાં ઘંટીની ઉપર રૂમમાં, તલાવડી પર ત્રણ દુકાનની બાજુમાં, ફતેવાડી)એ અગમ્ય કારણસર તા.૨૭/૦૪/૨૦૨૧ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાસો ખાઇ લેતા સારવાર અર્થે તેમને સરખેજ રેલ્વે સ્ટેશન સામે, શ્રેય હોસ્પીટલ ખાતે લાવતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.ડોડીયા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી